ગાંધીનગર સમાચાર

ડાયરેક્ટ ❤ સે

નિયમ જ્યારે
આદત બની જાય
ત્યારે માણસ
સફળ બની જાય

## જન્મદિને વધામણી



અનિરૂદ્ધભાઈ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



સ્મિત સંજીવકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭

# ટૉપ ઍજ્યુકેશન દ્વારા ૧૭મીએ ટૉપ ઑલમ્પિયાડનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ટોપ એજ્યુકેશન કન્સલ્ટન્સી પ્રા. લિ., ગાંધીનગર દ્વારા ગાંધીનગર ટોપ ઓલમ્પિયાડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ઝી અને નીટ જેવી પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે ઉપયોગી છે.

ટોપ એજ્યુકેશને આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર ટોપ ઓલમ્પિયાડ વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મક ક્ષમતાઓને ઉજાગર કરતી પરીક્ષા છે, જે ધોરણ પથી ૧૦ અંગ્રેજી માધ્યમ અને ધોરણ-૯ તથા ૧૦ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે તા. ૧૭ ડિસેમ્બરના રોજ યોજાઈ રહી છે. આ પરીક્ષામાં મેથ્સ, સાયન્સ, ઈંગ્લિશ અને મેન્ટલ એબિલિટી જેવા વિષયોના વૈકલ્પિક પ્રકારના કુલ ૧૦૦ પ્રશ્નો રહેશે. આ પરીક્ષામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે તેમજ વિજેતા વિદ્યાર્થીઓને ૧.૫ લાખ રૂપિયા સુધીનું રોકડ ઈનામ અને ૧૦ લાખ રૂપિયા સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. ઉપરાંત વિષયવાર સૌથી વધુ ગુણ લાવનાર વિદ્યાર્થીઓને મેડલ પણ એનાયત કરવામાં આવશે. આ પરીક્ષા અંગેની વધુ માહિતી માટે ટોપ એજ્યુકેશન, ગાંધીનગર (ફોન: ૨૩૨૪૧૨૪૩)નો સંપર્ક કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે.

## ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો
# ઍનઍસઍસ કેમ્પ સંપન્ન





ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા લાયોનેસ ક્લબના સહયોગથી પાલજ ગામની ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય ખાતે ઍનઍસઍસ કેમ્પનો પૂર્ણાહુતિ સમારોહ શુક્રવારે યોજાયો હતો.

આ પ્રસંગે આયોજિત સમારોહના અતિથિ પદે ઍનઍસઍસ પૂર્વ ડિરેક્ટર મહેન્દ્ર ભટ્ટ અને અંજલી ભટ્ટ, પૂર્વ વિદ્યાર્થીની ડૉ. ક્રિના, ડૉ. વિક્રમ સારાભાઈ શાળાના આચાર્ય ઍન આર ડામોર, આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, ડૉ. સોમાભાઈ પટેલ, કૌશલ્યાબેન પરીખ, લાયોનેસ પ્રમુખ મીનાક્ષી જયસિંઘાની અને સૅક્રેટરી નીતા રાણા ઉપસ્થિત રહ્યાં હતાં.

શિબિર વિશેનો પ્રતિભાવ વિદ્યાર્થીની નિશી, નમન, લક્ષ્મી દ્વારા આપવામાં આવ્યો હતો, જેમના દ્વારા શિબિરને યાદગાર અને જીવનજરૂરી ગણવામાં આવી હતી.

શિબિર અંતર્ગત આયોજિત મેડિકલ ચેક-અપ કેમ્પમાં ૨૦૦ દર્દીઓએ ડાયાબિટીસ, બ્લડપ્રેશર વિભાગ અને ૧૮૭ વિદ્યાર્તીઓએ આંખ વિભાગનો લાભ લીધો હતો, જે પૈકી ૧૭ વ્યક્તિઓએ નિઃશુલ્ક મોતિયાનાં ઓપરેશનનો પણ લાભ લીધો હતો.

ઍનઍસઍસ પ્રોગ્રામ સંયોજક ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા સમારોહના અંત ભાગમાં આભાર દર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર સમારોહનું સંચાલન વિદ્યાર્થીની રિયા નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ. જી. પ્રાથમિક શાળામાં ટાઈલ્સ પેઈન્ટિંગ પ્રવૃતિનું આયોજન થયું




એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ ટાઈલ્સ પર પેઈન્ટિંગ બનાવવાની પ્રવૃતિનું આયોજન થયું આ માટે વિદ્યાર્થીઓ ઘરેથી ટાઈલ્સ, કલર વગેરે વસ્તુ લાવ્યા હતા. અને આ વસ્તુઓ દ્વારા વિદ્યાર્થીઓએ ટાઈલ્સ પર વિવિધ ચિત્રો દોર્યા હતા. આ પ્રવૃતિમાં દરેક વર્ગમાથી એક એક નંબર આપવામાં આવ્યો હતો. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# પચીસ જેટલી ફિઝિયોથેરાપી કોલેજોને સંતોષજનક સંખ્યામાં વિદ્યાર્થી ન મળ્યા !

પેરા મેડિકલમાં પ્રવેશ માટે ચાલતી પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. ખાલી પડેલી બેઠકો ભરવાની સત્તા જે તે કોલેજોને સોંપાઈ હતી. કોલેજોએ ખાલી બેઠકો પર પ્રવેશની કાર્યવાહી કરીને તા.પમી સુધીમાં ફાઈલો પ્રવેશ સમિતિને સુપ્રત કરવાની હતી. જો કે, હજસુધી અનેક કોલેજોએ પ્રવેશની ફાઈલો જમા કરાવી નથી. બીજીબાજુ ચાલુ વર્ષે અનેક ફિઝિયોથેરાપી કોલેજના સંચાલકોએ પુરતા વિદ્યાર્થીઓ ન મળવાના કારણે કોલેજ બંધ કરી દેવાની દરખાસ્ત કરી દીધી છે.

પેરા મેડિકલમાં પ્રવેશની સમયમર્યાદા સળંગ પાંચ વખત વધારાઈ હતી. છતાં હોમિયોપેથી, ફિઝિયોથેરાપી સહિત જુદી જુદી બ્રાન્ચોમાં અનેક બેઠક ખાલી પડી હતી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે નર્સિંગમાં કુલ ૮૨ પૈકી ૫૦ કોલેજોએ હજુસુધી પ્રવેશની ?ફાઈલ જમા કરાવી નથી.

આ જ રીતે ફિઝિયોથેરાપીમાં પણ કુલ ૭૩ કોલેજોમાંથી ૪૦ કોલેજોએ પ્રવેશની ફાઈલો જમા કરાવી નથી. હોમિયોપેથીમાં કુલ ૨૮માંથી ૨ કોલેજો એવી છે કે તેઓએ ફાઈલ સમિતિને સુપ્રત કરી નથી. સૂત્રો કહે છે કે છેલ્લા બે વર્ષમાં મોટી સંખ્યામાં ફિઝિયોથેરાપી કોલેજોને મંજૂરી આપી દેવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં નવી કોલેજોને મંજૂરી આપવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારની અનેક ફિઝિયોથેરાપી કોલેજોને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી શકયા નથી. સૂત્રો કહે છે હાલમાં અંદાજે ૨૫થી વધારે એવી ફિઝિયોથેરાપી કોલેજો છે કે જેમાં ૧૫થી ઓછા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આટલી ઓછી સંખ્યાના કારણે કોલેજ કેવી રીતે ચલાવવી તેનો પ્રશ્ન ઊભો થાય તેમ છે. સૂત્રો કહે છે હાલની કુલ ૭૩ કોલેજો પૈકી આગામી વર્ષે અંદાજે ૧૦થી વધારે કોલેજો બંધ કરી દેવામાં આવે તેવી પણ શકયતા છે.

## આર જી પટેલ સ્કૂલ કિક બૉક્સિંગની સ્પર્ધામાં ઝળકી



ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૯ ઈની વિદ્યાર્થીની નિશા રામજીભાઈ રાઠોડે રાજ્યકક્ષાની અન્ડર-૧૭ કિક બોક્સિંગમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી રાષ્ટ્રકક્ષાની રમત માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. રાષ્ટ્રકક્ષાનો કેમ્પ નિકોલ, અમદાવાદ ખાતે યોજાયો હતો, જેમાં તેણે ભાગ લીધો હતો.

ત્યારબાદ તે બિલાસપુર, છત્તીસગઢ ખાતે આયોજિત રાષ્ટ્રકક્ષાની કિક બોક્સિંગ સ્પર્ધામાં ભાગ લેવા માટે પણ હકદારબની હતી. ૩૦ રાજ્યોમાંથી આવેલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આચાર્ય સુધાબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી નિશાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## વિઠ્ઠલનાથજીના પ્રાગટ્ય ઉત્સવનો પ્રારંભ થયો

ગાંધીનગર, તા. ૮

શ્રીગુંસાઈજીનો પ્રાગટ્યોત્સવ તા.૧૧મી ડિસેમ્બરના રોજ છે ત્યારે તે પહેલા શ્રીગુંસાઈજીની બેઠક, અસારવા ખાતે વિશિષ્ટ શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુંસાઈજી શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાગટ્ય ઉત્સવનો પ્રારંભ ગુરુવારથી થયો છે. તા. ૧૧ ડિસેમ્બર સુધી યોજાનારા આ પ્રાગટ્ય ઉત્સવનું આયોજન વૈષ્ણવાચાર્ય વ્રજનાથજી મહારાજ અને વૈષ્ણવાચાર્ય તિલક બાવા મહોદયની નિશ્રામાં કરવામાં આવ્યું છે. જે અંતર્ગત 'શ્રીવિઠ્ઠલેશ બેઠક ચરિત્ર' દરમિયાન ૨૮ બેઠકોના ચરિત્ર પર વિવેચન કરવામાં આવશે. જેના વક્તા તરીકે સુમિત શર્માજી છે અને તેનો સમય બપોરે ૩.૦૦થી સાંજે ૬.૦૦ દરમિયાનનો છે. તા.૯મીએ શ્યામઢાક છાક મનોરથ, તા.૧૦મીએ ચંદ્રસરોવર રાસ મનોરથ થશે. જ્યારે તા.૧૧મી ડિસેમ્બરના રોજ શ્રીવિઠ્ઠલનાથજી ગુંસાઈજીનો ઉત્સવ બપોરે ૧૨.૦૦ વાગ્યે તિલક આરતી, બધાઈ રાસ-ગરબા અને સાંજે ૫.૦૦ વાગ્યે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા સ્થાનિક વિસ્તારમાં ફરીને ધર્મ સભાના રૂપમાં સાંજે ૬.૩૦ વાગ્યે ફેરવાશે અને તેમાં સભા વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું છે.

# સાઈકોએનાલિસિસ વિષયે કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૮

મેન્ટલ હેલ્થમાં સાઈકો-એનાલિસિસને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી અમદાવાદની સૌથી જૂની બી.એમ.ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ દ્વારા પહેલ કરવામાં આવી હતી. થેરપ્યૂટિક અને ઈન્ટેન્શ બાબતો ઉપર ભાર મૂકવા ઈન્સ્ટિટ્યૂટ દ્વારા એક દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયુ હતું. જેમાં બ્રિટિશ સાઈકોએનાલિટિક સોસાયટીના ડેવિડ બ્લેક અને માઈકલ બ્રેટલી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ બંને નિષ્ણાતોએ શહેરમાં મેન્ટલ હેલ્થ સાથે સંકળાયેલા સિલેક્ટેડ વ્યક્તિઓ સમક્ષ સંખ્યાબંધ ઉદાહરણો અને રિસર્ચ પેપર્સ રજૂ કર્યા હતાં. ૨૧મી સદીમાં લોકોના માનસિક આરોગ્યની સારવાર માટે સાઈકો-એનાલિસિસનો કઈ રીતે ઉપયોગ થઈ શકે તે અંગે અહીં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કોન્ફરન્સમાં સાઈકો-એનાલિસિસ અને ડેવલપમેન્ટ સાઈકોલોજી વિષય ઉપર ડેવિડ બ્લેકે માર્ગદર્શન આપ્યું હતું જ્યારે માઈકલ બ્રેટલીએ સાઈકો-એનાલિસિસ અને સ્પોર્ટ્સ વિષય ઉપર વિસ્તૃત માહિતી આપી હતી ત્યારબાદ કોન્ફરન્સના છેલ્લા સત્રમાં 'વોર ઓન વોન્ટ: ધ ડ્રાઈવ ટૂવર્ડ ડેથ' વિષય લેવાયો હતો જેમાં બધાને ઘણો રસ પડ્યો હતો. ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. મધુસિંહે કહ્યું કે, આ કોન્ફરન્સ માટે સિલેક્ટેડ ૧૦૦ વ્યક્તિઓનું રજિસ્ટ્રેશન કરાયું હતું, જેમાંથી ૫૦ ટકા લોકો આ ક્ષેત્રના વર્કિંગ પ્રોફેશનલ હતા.

ડાયરેક્ટરે કહ્યું કે, ભારતમાં તાજેતરમાં મેન્ટલ હેલ્થ એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે. તે પાછળનું કારણ એ છે કે, સમાજની અંદર હજૂ એવા ઘણા ઈશ્યુ છે જેને સરકારની નીતિઓ સપોર્ટ કરતી નથી અને તેનાજ કારણે સર્વિસિસ ડેવલપ થઈ શકતી નથી. ઈન્સ્ટિટ્યૂટ છેલ્લા છ દાયકાથી મેન્ટલ હેલ્થ ક્ષેત્રે અસરકારક રીતે કાર્ય કરી રહી છે. કોન્ફરન્સમાં સેન્ટ ઝેવિયર્સના એચઓડી ડૉ. ખુશનુમા બાનાજી, એલ.જી.આર્ટસ કોલેજના પ્રિન્સિપલ મહિપતસિંહ ચાવડા અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતાં.

## "નીટ" માટે દોઢ લાખથી વધુ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર, તા. ૮

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે આગામી તા.૭મી જાન્યુઆરીએ લેવાનારી નીટ માટે રજિસ્ટ્રેશન કરાવવાની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. ગતવર્ષે અંદાજે દોઢ લાખ વિદ્યાર્થીઓએ પી.જી.નીટ આપી હતી. જેની સામે આ વખતે પી.જી.નીટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય તેવી શકયતા છે. અત્યાર સુધી પી.જી. મેડિકલમાં પ્રવેશ માટે સળંગ આઠ દિવસ સુધી નીટ લેવામાં આવતી હતી. જેના બદલે હવે એક જ દિવસે તમામ ઉમેદવારોની પરીક્ષા લેવાશે.

પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે ગત વર્ષથી નીટ ફરજિયાત કરી દેવામાં આવી છે. ગયા વર્ષે પહેલુટ વર્ષ હોવાથી નીટના કારણે અનેક વિવાદો ઊભા થયા હતા. જેમાં ઈન સર્વિસ ડોક્ટરો માટેની બેઠક અને યુનિવર્સિટી પ્રેફરન્સ માટે પણ વિવાદ થયો હતો. આ ઉપરાંત ગયા વર્ષે પી.જી. નીટ આપવા માટે વિદ્યાર્થીઓએ સળંગ એક સપ્તાહનો સમય અપાયો હતો. વિદ્યાર્થીઓ પોતાની અનુકુળતા પ્રમાણે જે તે દિવસે નીટ આપી શકતા હતા. પરંતુ આ વખતે જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તે તમામે એક જ દિવસે નીટ આપી દેવાની રહેશે. રજિસ્ટ્રેશન માટે તા.૩૧મી ઓકટોબરથી ૨૭ નવેમ્બર સુધીમાં વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન કરવાની સૂચના અપાઈ હતી. જેમાં દોઢ લાખથી વધારે રજિસ્ટ્રેશન થયું હોવાનું સૂત્રો કહે છે. ગુજરાતમાં પી.જી.ની ૧૬૦૦ બેઠકો ઉપલબ્ધ છે. આ બેઠકો પર પ્રવેશ માટે દરેક વિદ્યાર્થીઓએ નીટ આપવી પડે છે. મહત્વની વાત એ કે અગાઉ દરેકને અલગ અલગ પ્રશ્નપત્ર અપાતા હતા. પરંતુ હવે નીટ આપનારા તમામ વિદ્યાર્થીઓએ એક જ સમયે એક સરખા પેપર અપાશે.

# બેન્કોની બિનકાર્યક્ષમ મિલકતો : અર્થતંત્ર માટે પડકાર

કોઈપણ દેશમાં તેની બેન્કો અર્થતંત્રમાં કરોડરજ્જુ સમાન હોય છે. બેન્કો આર્થિક સંસાધનો એકત્ર કરે છે અને બીજી તરફ જરૂરિયાત મુજબનાં ક્ષેત્રોમાં ઋણ વિસ્તરણ કરે છે. અને આ કામ કુશળતાથી તથા ચુસ્ત પ્રબંધનથી કરીને જે કમાણી વધે તે નફો બને છે. બેન્કોમાં હવે સંપૂર્ણ આધુનિકીકરણ-કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયું છે. તેની સાથે અન્ય કાર્યો પણ ઉમેરાતાં ગયાં છે. ડિપોઝીટ લેવી, લોન દેવી એ મુખ્ય કામ ઉપરાંતત્યાં સેવાકિય જોબ, ટાસ્ક વધ્યાં, વીમો, વિદેશ વ્યાપાર, શેર માર્કેટ સંલગ્ન કાર્યો વગેરેમાં પણ વૃધ્ધિ થઈ રહી છે. સરકાર બેન્કોનું પારસ્પરિક વિલીનીકરણ કરવા આગળ વધી રહી છે, સહયોગી બેન્કોને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ભેળવી દેવામાં આવી છે. એક પ્રકારનાં દબાણ હેઠળ બેન્કો ચાલી રહી છે, તેમાં સ્પર્ધા તો છે જ પરંતુ હવે બેન્કો નવું એનપીએ (નોન પરફોર્મિંગ એસેટ્સ-બિન કાર્યક્ષમ મિલકતો) થાય નહીં તેની વધુ ચિંતા સેવી રહી છે જે સ્વાભાવિક છે. એનપીએ દિન-રાત વધ્યા જ કરે છે અને હાલમાં કુલ એનપીએ દસ લાખ કરોડથી વધુ છે.

આ સ્થિતિ રાતોરાત વણસી નથી. બેન્કોની હાલાકી છેલ્લા ત્રણેક વર્ષમાં વધુ વિકૃત થઈ છે. કોર્પોરેટ લોન્સમાં ડિફોલ્ડર્સ વધુ છે અને વસૂલાત આવતી નથી. નોટબંધી દરમિયાન પણ વસૂલાત કરવાની પ્રવૃત્તિ મંદ પડી ઉપરાંત નવી લોન્સ આપવામાં પણ લક્ષ્યાંક મુજબ કામ થયું નહીં. એટલે કુલ એનપીએ ઉપર વધુ ખરાબ અસર થઈ. કેન્દ્ર સરકારે વખતોવખત પીએસયુ બેન્કોને મદદ કરી પરંતુ જંગી એનપીએની સામે એ રકમથી કંઈ ખાસ સુધારણા દેખાઈ નહીં. કાનૂન સુધારણાનું કામ ચાલી રહ્યું છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન જાહેર ક્ષેત્રની બેન્કોએ પ્રથમ છ માસમાં રૂા. ૫૫૩૫૬ કરોડ માંડવાળ ર્યા. આ આંકડા આધારબૂત રીતે જાહેર થયેલા છે. આ રકમ પાછલા વર્ષમાં એ જ સમયની માંડવાળની તુલનામાં ૫૪ ટકા વધારે છે.

૨૦૦૭-૦૮થી ૨૦૧૫-૧૬ના ૯ વર્ષના સમયગાળા દરમિયાન બેન્કોએ જ માંડવાળ (રિટન ઑફ) કરી તેની કુલ રકમ રૂા. ૨૨૮૨૫૩ કરોડની થાય છે. હાલ વિજય માલ્યા સામે કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. એનપીએ બેધારી તલવાર છે. બેન્કો નવા પ્રોજેક્ટ્સ માટે ધિરાણ કરે તો જ સ્થિતિ સુધરે તો બીજી તરફ બેન્કો એ મુજબ કરી શકતી નથી.

નવા બિલની જે વાત જાણવા મળી છે તે મુજબ હવે સરકાર 'બેઈલ ઈન'ની ફોર્મ્યુલા દાખલ કરવા માગે છે, જે મુજબ તો પબ્લિકના જે નાણાં ફિક્સ ડિપોઝીટ સ્વરૂપે બેન્કોમાં જમા પડ્યા છે તેનો ઉપયોગ બેન્કો પોતાની વિકૃત થતી




સ્થિતિને સુધારવા કરી શકે અર્થાત્ ફિક્સ ડિપોઝીટ પાકે ત્યારે બેન્ક તરત જ રકમ ચૂકવે એવું ના પણ બને. એફઆરડીઆઈ બિલની જોગવાઈ મુજબ આવું થઈ શકે છે. બેન્ક પોતાના શેરની ઓફર પણ આ ડિપોઝીટ પાકે ત્યારે કરી શકે છે. નવું બિલ સંસદમાં પાસ થાય તે બાદ અમલ શક્ય બની શકે છે.

આપણો મૂળ મુદ્દો છે એનપીએ કે જે બેન્કો માટે પડકારરૂપ છે. તો સરકાર માટે શિરદર્દ છે અને કઈ રીતે આ સ્થિતિ સુધારવી એ ચિંતા છે. લોન્સ જો યોગ્ય રીતે પૂરી ચકાસણી, ગણતરી કરીને યોગ્ય એકમને આપવામાં આવે તો મહદંશે સમસ્યા અર્ધી સમાપ્ત થઈ શકે છે. કેટલાંક કારણો કોઈના અંકુશમાં નથી, તે એનપીએનું સર્જન કરે છે. જેમ કે કુદરતી હોનારત, મૃત્યુ, આગ, ભૂકંપ, યુદ્ધ વગેરે. વસૂલાત કરવી અને સમયે પરત નાણાં મેળવવાની પ્રક્રિયામાં જે વિલંબ હોય તે દૂર કરવો જ પડે છે. જ્યાં જાણી-જોઈને ક્ષમતા હોવા છતાં રકમ આપવાની વૃત્તિ હોય ત્યાં કાનૂનના માર્ગે સખ્તાઈ ખૂબ જરૂરી છે. મોટા એકમોનું પૂરું સંચાલન અન્યને સોંપી દઈને જે આવક મળે તેમાંથી બેન્કો વસૂલાત પ્રાપ્ત કરી શકે છે. કાનૂનના અમલમાં જે કોઈ રૂકાવટ દેખાય તેને હટાવી શકાય તો સ્થિતિ સુધરી શકે છે. પબ્લિકના ફિક્સ ડિપોઝીટનાં નાણાંને હડફેટે લેવાની વિચારણા બહુ ઉચિત દેખાતી નથી.

બેન્કોના વહીવટમાં ધંધાદારી પ્રબંધનને વિકસાવવું પડશે. ફાલતુ કામોને બેન્કોમાંથી અન્યત્ર ખસેડવાં જ પડે કેમ કે બેન્કો તેનાં મુખ્ય કાર્યપ્રવાહથી દૂર જઈ રહી છે. બેન્કિંગમાં કાર્યપ્રણાલિને સુધારવી અત્યંત સમયોજિત ગણાશે. કામના બદલામાં પ્રોત્સાહન, એચઆર પોલિસીને ઉમદા બનાવવી, બેન્કોને સમયસર આકલન કરી ધંધાકિય અભિગમમાં વૃદ્ધિ થાય તે પ્રકારે સરકારે કાર્ય કરવું જ પડે તેમ છે. લોન વિભાગને દબાણ-ભય, ધમકીથી દૂર રાખવો પડે કેમ કે અંતે પ્રજાનાં નાણાંનો યોગ્ય વહીવટ કરી સેવા સાથે કમાણી કરનાર બેન્ક રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનતી હોય છે. અપેક્ષા કરીએ કે બેન્કિંગ ક્ષેત્રમાં જરૂરી પણ ઉમદા સુધારણા થાય.

**શેર આસ્વાદ**

કિતને છાલે હૈં
ઉસ પૈરોં પર
વો જરૂર
ઉસુલોં પર ચલા હોગા

